# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા.05/07/2018

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુનેગારો સામે કડકમાં કડક પગલાં ભરવાની સૂચના આપી છે. – ભરત પંડ્યા**

-------------

**એક-બે ઘટનાનો પ્રચાર કરીને "સંસ્કારી ગુજરાત", "ગરવા ગુજરાત"ને ઝુમતા ગુજરાત કહીને કોંગ્રેસ ગુજરાતની સમગ્ર જનતા અને યુવાનોનું અપમાન કરે છે – ભરત પંડ્યા**

-------------

**બસ, બહુ થયું...ગુજરાતને બદનામ કરવાની વેરઝેર અને અપપ્રચારની રાજનીતિ કોંગ્રેસ બંધ કરે. – ભરત પંડ્યા**

-------------

**કોંગ્રેસનાં "મારી નાંખવાના" નિવેદનો, ગૃહમાં ગાળાગાળી-મારામારીના દૃશ્યો, દૂધ ઢોળવું, શાકભાજીને ફેંકી દેવા,**

**તોડફોડ-હિંસાત્મક કાર્યક્રમો એ કોંગ્રેસનું "પ્રદર્શન" છે.**

**જળસંગ્રહ, પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, યોગદિવસ, વૃક્ષારોપણ અને નિદાન કેમ્પો જેવાં ....**

**જયારે ભાજપ સતત સેવાના કાર્યક્રમો સાથે "જનતાનાં દર્શન" કરે છે.**

-------------

**જ્ઞાતિવાદ, વેરઝેર, અપપ્રચાર, અરાજકતા ફેલાવવાના કોંગ્રેસના "ટ્રેલર" સામે વિધાનસભામાં સતત છઠ્ઠીવાર ભાજપને જીતાડીને ગુજરાતની જનતાએ કોંગ્રેસને "પીકચર" બતાવી દીધું છે.**

-------------

**કોંગ્રેસનાં નેતૃત્વ, નીતિ-રીતી, કાર્યપદ્ધતિ સામે નારાજગીના "ટ્રેલર"માં**

**કોંગ્રેસે 5 જી.પં., 25 તા.પં, ગુમાવી છે. કોંગ્રેસના કેટલાંક નેતાઓ અને કાર્યકર્તાઓ હજૂ કોંગ્રેસના નેતૃત્વને "પીકચર" બતાવી રહ્યાં છે.**

-------------

**કોંગ્રેસના નેતાઓના નિવેદનોમાં કોંગ્રેસની "નિરાશા" અને નેતૃત્વની "નિષ્ફળતા" છુપાયેલી છે. – ભરત પંડ્યા**

-------------

ભાજપ પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડયાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઘટના દુઃખદ છે. અસરગ્રસ્તોની તાત્કાલિક યોગ્ય સારવાર માટે સરકારે સૂચના આપી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા પોલીસતંત્ર દ્વારા આ ઘટના સામે કડકમાં કડક કાર્યવાહી કરી રહ્યાં છે. કોંગ્રેસ સામે પ્રત્યાઘાત આપતા શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં લઠ્ઠાકાંડની હારમાળાઓ સર્જાતી હતી પણ તેના પર એકશન લેવાતા ન હતાં. કોંગ્રેસનાં મંત્રીશ્રીઓના બંગ્લાઓ ગુનેગારોના આશ્રય સ્થાનો બન્યાં હતાં. કોંગ્રેસના નેતાઓની ગાડીઓમાં ખતરનાક હથિયારો પકડાતાં હતાં. ગુજરાતમાં અનેક ગેંગો રાજકીય આશ્રયથી ફૂલીફાલી હતી. કોંગ્રેસ શાસનના આ ભયંકર ભુતકાળ ગુજરાતની જનતા ભુલી નથી. કોંગ્રેસે એક-બે ઘટનાનો પ્રચાર કરીને "ઉડતા પંજાબ" અને "ઝુમતા ગુજરાત"નો શબ્દ પ્રયોગ કરી ગુજરાતની જનતાની સંસ્કારીતા અને સમગ્ર યુવા જગતને બદનામ કરવાનો કુપ્રયાસ કર્યો છે તેને ભાજપ સખ્ત શબ્દોમાં વખોડે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રભારીશ્રી રાજીવ સાતવે મેધા પાટકરના સમર્થનમાં ટ્વીટ કરીને નર્મદા અને ગુજરાત વિરોધી માનસિકતાનો પરીચય તેમની નિમાણુંકના સમયે આપી દીધો હતો. હજૂ નર્મદા મુદ્દે તેમણે ગુજરાતની જનતાની માફી માંગી નથી. ત્યારે કોંગ્રેસનાં તમામ નેતાઓ ગુજરાતને “ઝુમતા ગુજરાત” કહીને બદનામ કરી રહ્યાં છે. ભલે તમે ભાજપ ઉપર જૂઠ્ઠા આક્ષેપો કરો. **પરંતુ સંસ્કારી ગુજરાત, આગવું ગુજરાત અને જય જય ગરવી ગુજરાત માટે ઝુમતા ગુજરાત જેવો અપમાન જનક શબ્દ ભાજપ કે ગુજરાત કયારેય સાંખી નહીં લે એ કોંગ્રેસ યાદ રાખે.**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા પોલીસતંત્ર કોઈપણની શેહ-શરમ રાખ્યા વગર ગુનેગારોને તડીપાર, પાસા સહિત વધુને વધુ સજા મળે તે રીતે કડકમાં કડક કાર્યવાહી કરી રહી છે. કોઈપણ ગુનાખોરી સામે ગુનેગારોને જાહેરમાં સરઘસ આકારે ફેરવીને શિક્ષાત્મક અને દાખલારૂપ પોલીસતંત્ર પગલાં ભરી રહ્યું છે. ત્યારે કોંગ્રેસ પોલીસતંત્રની નૈતિકતાને બિરદાવવાને બદલે તેમની માત્ર સતત ટીકા કરીને હતાશ કરવાનો પ્રયાસ કરે છે અને ગુનેગારોની તરફેણમાં પ્રોત્સાહન આપવાનું કામ કરી રહી છે તે નિંદનીય છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, **કોંગ્રેસના પ્રભારીશ્રી અને પ્રદેશ કોંગ્રેસના નેતાશ્રીઓનાં નિવેદનોમાં કોંગ્રેસની હતાશા અને નેતૃત્વની નિષ્ફળતા છૂપાયેલી છે.** કોંગ્રેસના “ટ્રેલર” સામે ગુજરાતની જનતાએ પીકચર બતાવી દીધું છે. જ્ઞાતિવાદ, વેરઝેર, અફવા, અપપ્રચાર, અરાજકતા ફેલાવવાના કોંગ્રેસના “ટ્રેલર” સામે 2017 વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતાએ 49.10 ટકા મતો સાથે સતત છઠ્ઠીવાર ભાજપને જીતાડીને “પીકચર” (પરિણામ) બતાવી દીધું છે. વિધાનસભાની ચુંટણી પછી પણ નગરપાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની પેટાચુંટણીઓ હોય કે સરપંચોની ચુંટણીઓ હોય તેમાં પણ ભાજપને 75 ટકાથી 80 ટકા પરિણામ આપીને જનતાએ કોંગ્રેસને પીકચર બતાવી દીધું છે.

હવે, કોંગ્રેસના નેતૃત્વ, નીતિ-રીતિ અને કાર્યપદ્ધતિ સામે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ જાહેરમાં નારાજગી વ્યકત કરી રહ્યાં છે. તેનાં કારણો તાજેતરમાં કોંગ્રેસે 5 જી.પં. અને 28 તા.પં. ગુમાવવાનો વારો આવ્યો છે. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ જ તેનાં નેતૃત્વને પીકચર બતાવી રહ્યાં છે ત્યારે કોંગ્રેસના નેતાઓએ બીજા ઉપર દોષ દેવાનું બંધ કરીને પોતાનું ઘર સંભાળવામાં ધ્યાન આપવું જોઈએ.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ લોકસભાની ચુંટણીમાં પ્રદર્શનની વાત કરે છે. પરંતુ અત્યારે કોંગ્રેસનાં ધારાસભ્ય “મારી નાંખવાના” હિંસાત્મક નિવેદનો કરે છે. કોંગ્રેસના કેટલાંક ધારાસભ્યો વિધાનસભા ગૃહમાં ગાળાગાળી અને અને મારામારીના દૃશ્યો સર્જે છે. દૂધ ઢોળી દેવાની અને શાકભાજી ફેંકી દેવાની સાથે તોડફોડ અને હિંસાના કાર્યક્રમોનું પ્રદર્શન કરી રહી છે. કોંગ્રેસ આ પ્રકારના હિંસાત્મક અને વેરઝેરનું પ્રદર્શન છે. જ્યારે ભાજપ સેવાના કાર્યક્રમો સાથે જનતાના “દર્શન” કરે છે. સતત એક મહિના સુધીના જળસંગ્રહ કાર્યક્રમ, બાળકો માટે શાળા પ્રવેશોત્સવ, ખેડૂતો માટે કૃષિ મહોત્સવ અને હવે વૃક્ષારોપણ, જળપૂજન, નિદાન કેમ્પના કાર્યક્રમો ભાજપે હાથ ધર્યા છે. કોંગ્રેસની વેરઝેરની નકારાત્મક રાજનીતિ સામે ભાજપ હંમેશા લોકસેવા અને વિકાસની રાજનીતિ કરશે. તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ